
| ૨ | દાદા ખોવાયા છે |
|---|---|

## ચાલો, ગાઈએ ગીતડું :

અકલમ ચકલમ ચમચમ
બાળક બોલે બમબમ.
ચકલમ પકલમ પમપમ
બાળક બોલે બમબમ.
મકલમ ટકલમ ટમટમ
બાળક બોલે બમબમ.

## ધ્યાનથી જુઓ :






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

૧. આ ચિત્રમાં શું શું દેખાય છે ?

૨. સૌથી મોટા ચકડોળની બાજુમાં શું છે ?

૩. ચિત્રમાં શાની દુકાન જોવા મળતી નથી ?

૪. તમે આવી દુકાનો બીજે ક્યાં જોઈ છે ?

૫. તમે મેળો જોયો છે ? ક્યાં ?

૬. એ મેળામાં તમે શું જોયું હતું ?

૭. તમે મેળામાં શાની દુકાન કરો ?

૮. તમે મેળામાં કેવા ચકડોળમાં બેસવાનું પસંદ નહિ કરો ?

## વાંચો અને છેકો :

ચિત્ર જુઓ અને સાચું ન હોય તે વાક્ય છેકી નાંખો.

- ચિત્રમાં ચાર દુકાનો છે.
- મેળામાં મીઠાઈની દુકાન નથી.
- મેળામાં જોકર દેખાય છે.
- એક જ દુકાનમાં રમકડાં મળે છે.
- મેળામાં નિશાન તાકવાની દુકાન નથી.
- એક દુકાનમાં કપડાંનો સેલ છે.
- મોતનો કૂવો જોવાની ટિકિટ પાંચ રૂપિયા છે.
- નાનાં બાળકોને ચગડોળમાં બેસવા ન મળે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ગીત ગાઓ :

ચાલો, જોવા જઈએ મેળો, ચાલો, જોવા જઈએ,
મેળામાં મજા કરીશું, ચાલો, જોવા જઈએ...
મેળામાં જઈ શું શું કરશું ? ચકરચકર ચગડોળમાં ફરશું,
જાડાપાડા હાથી પર બેસશું.... ચાલો, જોવા....
મેળામાં જઈ શું શું ખાશું ? તીખીમીઠી ભેળ ખાશું,
ઠંડો ઠંડો આઈસક્રીમ ખાશું.... ચાલો જોવા....
મેળામાં જઈ શું શું લેશું ? બહેન માટે બંગડી લેશું,
ભાઈ માટે ભમરડો લેશું, મમ્મી માટે માળા લેશું,
પપ્પા માટે પાકીટ લેશું; ચાલો, જોવા જઈએ મેળો.

## વાતચીત :

- આ ગીતની કઈ લીટી ગાવી તમને ખૂબ ગમી ?
- મેળામાં જઈને તમે શું કરશો ?
- મેળામાં તમે ખોવાઈ જાઓ તો કોની પાસે જશો ?

## (હા) કે (ના) લખો :

( ) મેળામાં તરવાનું છે.
( ) મમ્મી માટે બંગડી લેવાની છે.
( ) મારા માટે ભમરડો લેવાનો છે.
( ) ભેળ ખાવા જવાનું નથી.
( ) ચગડોળમાં બેસવાનું છે.
( ) મેળામાં ખરીદી કરવાની નથી.
( ) ભાઈ માટે આઈસક્રીમ લેવાનો છે.
( ) ચૉકલેટ ખાવાનું નક્કી છે.
( ) પપ્પા માટે પાકીટ લેવાનું છે.
( ) ઘોડા પર બેસવાનું છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જુઓ અને લખો :

| | | |
|---|---|---|
|  |  |  |
| • હાથીનું ચિત્ર છે.<br>• બે છોકરાં બેઠાં છે.<br>• બહેન આગળ છે. | •<br>•<br>• ઠંડો આઈસક્રીમ ખાશું. | •<br>•<br>• |

• **ચાલો, ગાઈએ ગીતડું : અકલમ ચકલમ ચમચમ**

## અભિનય કરો :

૧. આઈસક્રીમ ખાતી છોકરી

૨. ફુગ્ગાને નિશાન તાકતી છોકરી

૩. ભમરડો ફેરવતો છોકરો

૪. ગાયને રોટલી ખવડાવતો છોકરો

૫. કેળું ખાતો છોકરો

## શબ્દો શોધી એની ફરતે ગોળ કરો :

[શીરો, ઠંડો, લીટી, ડોશી, ડંડો]

| | | |
|---|---|---|
| ષ | ડં | મ |
| ઠં | ડો | રો |
| ટી | લી | શી |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાર્તા : દાદા જ જોઈએ

વાત્રકનગરમાં આનંદમેળો હતો. બધાં મેળાની વાતો કરતાં હતાં. વાત્રકનગરમાં આશિષ સોસાયટી હતી. તેના બંગલા નંબર ત્રણમાં યજ્ઞ રહે. તે પણ એના દાદા ત્રિકમદાસ સાથે આનંદમેળામાં ગયો. તે બહુ ખુશ હતો.

યજ્ઞ તો સીધો રમકડાંની દુકાને ઊભો રહ્યો. તેણે કહ્યું : ''દાદા, મને આ રમકડું લઈ આપો.'' દાદા કહે : ''કોઈ રમકડું લેવાનું નથી.''

તેઓ ત્યાંથી આગળ ગયા. યજ્ઞ આઈસક્રીમની દુકાન આગળ ઊભો રહી ગયો. તેણે આઈસક્રીમ ખાવાની જીદ કરી. દાદાએ તેને સમજાવતાં કહ્યું : ''બેટા ! પહેલાં મેળો જોઈ લે. પછી તારે જે જોઈએ તે લઈશું.''

દાદાએ રમકડું ન લઈ આપ્યું. આઈસક્રીમ પણ ન ખવડાવ્યો. યજ્ઞ રીસાઈ ગયો. એટલામાં તેણે મોટું ચકડોળ જોઈને કહ્યું : ''દાદા, મારે પેલા મો...ટા ચકડોળમાં બેસવું છે.'' દાદા આ વખતે રાજી થઈને કહે : ''ભલે, તું અહીં ઊભો રહે. હું ટિકિટ લઈને આવું.'' યજ્ઞને ઊભો રાખીને દાદા ટિકિટ લેવા ગયા. ત્યાં જ એક ખેલ બતાવનાર મોટરસાઈકલ લઈને આવ્યો. આસપાસ એકદમ અવાજ વધી ગયો. દોડધામ મચી ગઈ. યજ્ઞ પણ સૌની સાથે દોડ્યો. દાદા ટિકિટ લઈને આવ્યા. તેમણે યજ્ઞને ત્યાં ન જોયો. દાદા હાંફળાફાંફળા થઈને યજ્ઞને શોધવા લાગ્યા.

આ તરફ યજ્ઞ રડતો હતો. એક પોલીસઅંકલે તેને રડતો જોયો. તેમણે પૂછ્યું : ''તારું નામ શું છે ? તું કોની સાથે આવ્યો છે ?''

યજ્ઞએ કહ્યું : ''દાદા સાથે આવ્યો છું. મારા દાદા ખોવાઈ ગયા છે.''

પોલીસઅંકલે કહ્યું : ''ચિંતા ન કરીશ. હું તને તારા ઘેર પહોંચાડીશ. તું ક્યાં રહે છે ?''

યજ્ઞએ રડતાં રડતાં કહ્યું : ''વાત્રકનગર, આશિષ સોસાયટી. મારા દાદાનું નામ ત્રિકમદાસ છે.'' આ સાંભળી પોલીસઅંકલ કહે : ''હું તારા દાદા ત્રિકમભાઈને ઓળખું છું. હું તારા દાદા શોધી આપીશ.''

યજ્ઞ હજુ રડતો હતો. પોલીસઅંકલ કહે : ''તું રડ નહિ, ચાલ, હું તને આઈસક્રીમ ખવડાવું.''



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

યજ્ઞ બોલ્યો : ''મારે આઈસક્રીમ નથી ખાવો. મારે તો દાદા પાસે જવું છે.''

પોલીસઅંકલે તેને સમજાવતાં કહ્યું : ''તારા દાદા આટલામાં જ ક્યાંક હશે. ત્યાં સુધી લે, આ ચણાજોર ગરમ ખા.''

યજ્ઞએ રડતાં રડતાં કહ્યું : ''ના, મારે કશું ખાવું નથી. મારે દાદા પાસે જવું છે.''

પોલીસઅંકલ અને યજ્ઞ ધીરે ધીરે ચાલતા હતા. થોડી વારમાં રમકડાંની દુકાન આવી ગઈ. પોલીસઅંકલે કહ્યું : ''હું તને રમકડું અપાવું.'' યજ્ઞ કહે : ''ના, મારે રમકડું નથી જોઈતું. મારે તો દાદા પાસે જવું છે.''

પોલીસઅંકલ વારંવાર યજ્ઞને રમકડું લેવા સમજાવતા હતા. યજ્ઞ રડતાં રડતાં બોલ્યો : મારે દાદા જ જોઈએ, બીજું કંઈ જ જોઈતું નથી !''

## વાતચીત :

- તમને પોલીસઅંકલ ગમ્યા ? કેમ ?
- તમે કે તમારાં ભાઈ-બહેન ક્યારેય ખોવાયાં છો ?
- તમે ખોવાઈ જાઓ તો શું કરો ?
- જે મેળામાં ગયા હોય તે હાથ ઊંચો કરે. ત્યાં તમે શું શું જોયું ?
- તમે મેળામાંથી જીદ કરીને શું લીધું હતું ?
- યજ્ઞ રડતાં રડતાં શું બોલતો હતો ?
- તમે હવે મેળામાં જશો ત્યારે શું શું લેશો ?
- તમે કોની સાથે મેળામાં ગયા હતા ?
- યજ્ઞએ કયું રમકડું માગ્યું હશે ?
- આ વાર્તામાં ખાવાની કઈ કઈ વસ્તુઓ આવે છે ?
- દાદા મળી ગયા ત્યારે શું થયું હશે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## અભિનય કરો :

૧. મેળામાં ખોવાઈ ગયેલો છોકરો

૨. છોકરાને શોધતા દાદા

૩. છોકરાને મદદ કરતા પોલીસઅંકલ

## આ વાક્યો કોણ બોલે છે ?

- કોઈ રમકડું લેવાનું નથી.
- હું તને તારા દાદા શોધી આપીશ.
- મારે ચકડોળમાં બેસવું છે.
- મારા દાદા ખોવાઈ ગયા છે.
- તું અહીં ઊભો રહે ! હું ટિકિટ લેતો આવું.
- તું ક્યાં રહે છે ?

## જે વાક્ય ગમતું હોય એ ફરીથી લખો :

| | |
|---|---|
| મને પેંડા ભાવે છે. | મને બરફી ભાવે છે. |

| | |
|---|---|
| મને ભણવાનું ગમે છે. | મને રમવાનું ગમે છે. |

| | |
|---|---|
| નિશીથને બૂમો પાડવી ગમે છે. | નિશીથને દોડાદોડ કરવાનું ગમે છે. |

| | |
|---|---|
| ધ્વનિને ક્રિકેટ ગમે છે. | ધ્વનિને કબડ્ડી ગમે છે. |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| નીલમને ફરવું ગમે છે. | નીલમને ઊંઘવું ગમે છે. |
| --- | --- |

નીચેના સંવાદમાંથી ષ, ત્ર અને જ્ઞ વાળા શબ્દ નીચે લીટી દોરાવો. લીટી દોરેલા શબ્દોનું મોટેથી ત્રણવાર ઝીલવાચન કરાવવું.

## યજ્ઞનો ઘોડો

(વાલ્મીકિ ઋષિના આશ્રમ પાસે સીતાજીનો પુત્ર લવ બેઠેલો છે. બે ઋષિકુમારો છે. એવામાં યજ્ઞનો શણગારેલો ઘોડો આવતો જણાય છે. લવ ઊભો થઈ જાય છે.)

**લવ** : અરે, આ તો યજ્ઞનો ઘોડો. ચાલો, એને પકડીએ.

**પહેલો ઋષિકુમાર** : ગુરુદેવ તો કહેતા હતા કે એની પાછળ મોટી સેના હોય, જે ઘોડાને બાંધે એણે લડાઈ કરવી પડે.

**લવ** : (ઘોડાને પકડી લેતાં) તો આ પકડ્યો ઘોડાને. આ રાજા રામની હિંમત તો જુઓ ! આપણા આશ્રમની જગામાં ઘોડાને મોકલીને તે આપણને નમાવવા માગે છે. એ તે કેમ ચાલે ?

**બીજો ઋષિકુમાર** : આને આશ્રમની ગૌશાળામાં બાંધી આવું ?

**લવ** : એ જ બરાબર છે. રામને પણ ભલે ખબર પડે કે દુનિયામાં શેરને માથે સવાશેર છે. કુશને પણ ઘોડો બતાવજો. (ઋષિકુમાર ઘોડાને લઈ જાય છે. ત્યાં એક સૈનિક આવે છે.)

**સૈનિક** : ઊભા રહો છોકરાઓ, ઘોડાને છોડી દો. આ તો રાજા રામચંદ્રજીનો ઘોડો છે. એને બાંધશો તો લડાઈ કરવી પડશે.

**લવ** : (ધનુષ્ય સંભાળતાં) તો અમે તૈયાર છીએ.

**કુશ** : (પ્રવેશીને) હા, હા, અમે તૈયાર છીએ.

**લવ** : ભાઈ કુશ, હમણાં તું ખસી જા, આ એકલો છે. એની સાથે હું એકલો જ લડીશ.
(બેઉ લડે છે. લવ સૈનિકને જમીન પર પછાડે છે. સેનાના બીજા સૈનિકો આવે છે. એમને પણ લવ-કુશ હરાવે છે.)

**સુમંત** : અરે ! માત્ર બે છોકરાઓએ આટલા બધા સૈનિકોને હરાવી દીધા !


**ચંદ્રકેતુ** : અજબ છોકરાઓ લાગે છે !





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## લખો :

પહેલી અને બીજી લાઇનના ખાનાઓમાં દર્શાવ્યા મુજબ ત્રણ પગલાંમાં મૂળાક્ષરનું લેખન કરાવો. ત્રીજી લાઇનમાં ટપકાં જોડી મૂળાક્ષર ઘુંટાવો અને છેલ્લી લાઇનમાં આખો મૂળાક્ષર લખાવો.









Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

'યજ્ઞનો ઘોડો' સંવાદમાં તમે જે વાક્યમાં શબ્દ નીચે લીટી કરી હોય તેવાં ચાર-પાંચ વાક્યો અહીં લખો :

## જવાબ લખો :

૧. સીતાજી ક્યાં રહેતાં હતાં ?

૨. સીતાજીના પુત્રોનાં નામ લખો.

૩. એમણે કયો ઘોડો પકડ્યો હતો ?


૪. બે નાના છોકરાઓએ કોને હરાવી દીધા ?







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## હીંચકાની મોજ :

આમાંથી કઈ કઈ વસ્તુઓનો હીંચકા તરીકે ઉપયોગ કરી શકો ? √ નિશાની કરો. તેનો ઉપયોગ કેવી રીતે કરશો તે કહો.






## રંગ પૂરો :





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in